અપીલ અરજી નં.૬૯૭ તા.૫–૩–૧૨

ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રીમતી દિપ્ત મુકેશ દમણિયા

સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી દિપ્તી મુકેશ દમણિયાની તા. ૧૩–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) એકઝીકયુટીવ એંન્જીનીયર સાઉથઝોન (ઉધના) સુરત મહાનગરપાલિકા તરફે તા.૭–૧૨–૧૧સા.ઝોન./આઉટ/નં. ૫૨૯૫ થકી ટી.પી.સ્કીમ નં. ૫૮ (બમરોલી) ફા.પ્લોટ નં. ૨૯/એ વર્ણન વાળી મિલકત બાબતે એંન્જીનીયર શ્રી રમણ ટી. પટેલ(ટીડીઓ/ ઈ.આર/૭૬) ના સુપરવીઝન નીચે ટેમ્પરરી સ્ટ્રકચરની પરવાનગી આપવામાં આવેલ તેમ છતાં સ્થળ ઉપર ડેવલોપર્સ / ઓર્ગેનાઈઝર દ્વારા ગેરકાયદેસર રીતે કમ્પાઉન્ડ વોલનું બાંધકામ થતું હોય તે અટકાવવા તા. ૨૬–૧૨–૧૧ના રોજ અરજદારની અરજી બાબતે કોઈ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની વિગતવાર માહિતી આપશોજી. વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૯૭/૨૦૧૧–૧૨

` શ્રીમતી દિપ્તી મુકેશ દમણિયાની તા. ૧૩–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) એકઝીકયુટીવ એંન્જીનીયર સાઉથઝોન (ઉધના) સુરત મહાનગરપાલિકા તરફે તા.૭–૧૨–૧૧ સા.ઝોન./આઉટ/ નં. ૫૨૯૫ થકી ટી.પી.સ્કીમ નં. ૫૮ (બમરોલી) ફા.પ્લોટ નં.૨૯/એ વર્ણન વાળી મિલકત બાબતે એંન્જીનીયર શ્રી રમણ ટી. પટેલ(ટીડીઓ/ ઈ.આર/૭૬) ના સુપરવીઝન નીચે ટેમ્પરરી સ્ટ્રકચરની પરવાનગી આપવામાં આવેલ તેમ છતાં સ્થળ ઉપર ડેવલોપર્સ / ઓર્ગેનાઈઝર દ્વારા ગેરકાયદેસર રીતે કમ્પાઉન્ડ વોલનું બાંધકામ થતું હોય તે અટકાવવા તા. ૨૬–૧૨–૧૧ના રોજ અરજદારની અરજી બાબતે કોઈ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની વિગતવાર માહિતી આપશોજી. વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો – અરજી અંગે થયેલ–ન થયેલ કાર્યવાહીની અરજીની નકલ સહ મોકલવા પત્ર નં. આરટીઆઈ સેલ/ ૨૦૭૬ તા.૨૩–૩–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારને મળેલા પ્રતિભાવ સામે નારાજગી અંગે પ્રત્યુત્તરની નકલ સહ, મુદ્દાવાર નારાજગીના આધાર સહ રજુઆત–તેમનો પક્ષ રજૂ કરવા સાથે તા. ૭–૧૨–૧૧ તથા તા. ૨૬–૧૨–૧૧ના પત્રોની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક/૮૨૬ તા.૨૪–૨–૧૨ ની આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદારના તા.૫–૪–૧૨ ના પૂરક પત્રથી પત્ર નં.સા.ઝોન/આ./૫૨૯૫ તા.૭–૧૨–૧૧ થી હંગામી બાંધકામ અંગે આપેલ મંજુરીના પત્રની નકલ, અરજદારની તા. ૨૮–૨–૧૨ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી ડે.ટાઉન પ્લાનર ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૫૭ તા.૨૦–૩–૧૨થી આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારની તા.૨૬–૧૨–૧૧ની સહી વિનાની અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૩–૨–૧૨ ની અરજીથી માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીમાં મુદ્દા નં. (૧) એકઝીકયુટીવ એંન્જીનીયર સાઉથઝોન (ઉધના) સુરત મહાનગરપાલિકા તરફે તા. ૭–૧૨–૧૧ સા.ઝોન. / આઉટ/નં. ૫૨૯૫ થકી ટી.પી.સ્મીક નં. ૫૮ (બમરોલી) ફા.પ્લોટ નં. ૨૯/એ વર્ણન વાળી મિલકત બાબતે એંન્જીનીયર શ્રી રમણ ટી. પટેલ (ટીડીઓ/ ઈ.આર/૭૬) ના સુપરવીઝન નીચે ટેમ્પરરી સ્ટ્રકચરની પરવાનગી આપવામાં આવેલ તેમ છતાં સ્થળ ઉપર ડેવલોપર્સ / ઓર્ગેનાઈઝર દ્વારા ગેરકાયદેસર રીતે કમ્પાઉન્ડ વોલનું બાંધકામ થતું હોય તે અટકાવવા તા. ૨૬–૧૨–૧૧ના રોજ અરજદારની અરજી બાબતે કોઈ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની વિગતવાર માહિતી આપશોજી. (૨) જો તે બાબતે કોઈ કાર્યવાહી આજદિન સુધી કરવામાં આવી ન હોય તો તે શા માટે અથવા કયા કારણોસર કરવામાં આવી નથી તેની વિગતવાર માહિતી આપશોજી. (૩) એન્જીનીયર

શ્રી રમણ ટી. પટેલ (ટીડીઓ/ઈઆર/૭૬) ના સુપરવીઝન હેઠળ ગેરકાયદેસર રીતે કમ્પાઉન્ડ વોલનું બાંધકામ થતું હોય તો તેની વિરૂધ્ધ કાયદેસર કોઈ પગલા લેવામાં આવ્યા છે કે કેમ? તેની વિગતવાર માહિતી આપશોજી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૨૬ તા. ૨૪–૨–૧૨થી નિયત સમય અવધિમાં " અરજીમાં જણાવેલ મિલ્કત ધારક વિરૂધ્ધ તથા આર્કી. વિરૂધ્ધ હાલ અત્રેથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. "તેવુ જણાવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૫–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી અરજદાર પાસેથી અપીલ તબક્કે મળેલા પ્રતિભાવ સામે નારાજગી અંગે આધાર સહ રજુઆત કરવા અને તેમનો પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારે ઉધના ઝોન તરફથી આપવામાં આવેલ ૬ માસના પરમીશનની સા.ઝોન/ આ.નં./ ૫૨૯૫ તા. ૭–૧૨–૧૧ના પત્રની નકલ તથા ટીપીડી/આરટીઆઈ/૬૫૦ તા. ૨૦–૩–૧૨થી સદર મિલકત બાબતે માંગેલ ફાળવણી અંગેની માહિતી આપતા પત્રની નકલ રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારની મુદ્દા નં. ૧ બાબતે   તા. ૨૬–૧૨–૧૧ ની અરજી અંગે કાયદેસરની કાર્યવાહી બાબતે મિલકતધારક વિરુધ્ધ તથા આર્કી. વિરુધ્ધ હાલમાં ઉધનાઝોન તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પાડવામાં આવેલ છે પરંતુ મુદ્દા નં. ૨ બાબતે દફતરી હકીકત જણાવેલ નથી. આમ અરજદારને મુદ્દા નં. ૨ અને ૩ બાબતે દફતરી હકીકતલક્ષી માહિતી જણાવવાની રહે. વધુમાં જો મુદ્દા નં. ૩ બાબતે કાયદેસરની કાર્યવાહીને લગતો હોય તો તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૫–૩–૧૨ ધ્યાને લેતાં ૩–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૮–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૩–૨–૧૨ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતીમાં પૈકી મુદ્દા નં. ૨ ની દફતરી ઉપલબધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે. વધુમાં જો મુદ્દા નં.૩માં કાયદેસરના પગલા બાબતે કાર્યવાહીને લગતી હોય તો સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા અરજદાર સ્વતંત્ર છે."

(સી.વાય ભટ્ટ)
ડે.કમિશ્નર
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રીમતી દિપ્ત મુકેશ દમણિયા,